ગાંધીનગર સમાચાર

જિલ્લામાં ચાર બાળકો થેલેસેમીયાથી પિડાતા મળ્યા



ઉનાળાના આગમનના એંધાણ - શહેરમાં લીલી દ્રાક્ષ અને સંતરા હવે ઠેર ઠેર નજરે પડે છે... શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન વચ્ચેનો મધ્યકાલિન ઋતુમાં લીલી દ્રાક્ષની બોલબાલા વધે છે...

# જિલ્લામાં ચાર બાળકો થેલેસેમીયાથી પિડાતા મળ્યા

**હૃદયની બિમારી ધરાવતા ૧૧૫ બાળકો; કેન્સરથી પિડીત ૭ બાળકો તો ૧૩૪ બાળકો તમાકુનુ સેવન કરતા જણાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્યની ચકાસણી દરમ્યાન ૪ થેલેસેમીયાથી પિડાતા બાળકો મળી આવતાં તંત્રમાં ચકચાર મચી જવા પામી છે.

તાજેતરમાંજ સંપન્ન થયેલ શાળા આરોગ્ય ચકાસણીમાં હૃદયની બિમારી ધરાવતા બાળકો ૧૧૫ જેટલા મળી આવ્યા છે જ્યારે કિડનીની બિમારી ધરાવતા ૨૭ અને કેન્સરથી પિડીત ૭ બાળકો મળી આવ્યા છે.

ત્રણ લાખથી વધુ બાળકોના આરોગ્યની ચકાસણીમાં ૩૧૦૯૭ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. તો ૧૪ હજાર જેટલા બાળકો એનીમીક જણાયા હતા.

મળતી વિગતો પ્રમાણે ૬૧૬૩ બાળકોને દાંતની, ૨૩૦૦ બાળકોને આંખની, ૧૫૫૦ બાળકોને નાક-કાન ગળાની અને ૭૨૯ બાળકોને પેટની તકલીફ તો ૨ હજાર બાળકોને ચામડીના પ્રશ્નો જણાયા હતા.

જિલ્લામાં શરીરની સ્થૂળતા ધરાવતા ૧૬ બાળકો તોતમાકુનુ સેવન કરતા ૧૩૪ જેટલા બાળકો આ ચકાસણી દરમ્યાન મળી આવ્યા છે. ૧૬૫૮ બાળકોને શ્વસનતંત્રની નાની મોટી ખામીઓ જણાઈ હતી.

૧૦ સપ્તાહ સુધી ચાલેલી આ ચકાસણીમાં ૧૭૯ બાળકો ગંભીર બિમારી વાળા જણાયા છે જે ગત વર્ષની તુલનામાં વધારે છે.

જિલ્લા તંત્ર દ્વારા સંદર્ભ સેવા પાત્ર બાળકોને સારવાર આપવામાં આવી રહી છે. આ ઉપરાંત આંખોમાં નંબર હોય અને ચશ્માની જરૂરિયાત હોય તેવા બાળકોને ચશ્મા પણ આપવાની કામગીરી આરંભી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય તંત્ર દ્વારા છેલ્લા દસકાથી પણ વધુ સમયથી આ શાળા આરોગ્યનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર વહન કરે તે ઉલ્લેખનીય છે.

# આજે મનપાની સ્થાયી સમિતિમાં બજેટનું કદ વધશે કે ઘટશે ?

**નગરમાં ચાલતી અટકળો : બિન કરપાત્ર આવક વધારવાના કોઈ પગલાં આજની બેઠકમાં સૂચવાશે કે કેમ ? નવી આકારણીને લઈ તંત્ર કેમ અચકાય છે તેને લઈ પણ લોકોમાં તર્ક-વિતર્ક**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળનારી બેઠકમાં કમિશનરે રજુ કરેલા ડ્રાફ્ટ બજેટના કદમાં વધારો થશે કે ઘટાડો થશે તેનો લઈ નગરજનોમાં ભારે અટકળોનો દોર ચાલી રહ્યો છે.

નગરજનોમાં થતી ચર્ચા મુજબ મનપામાં કોઈ સેવાઓ સરકારે આપી નથી અને આમ છતાં નગરના વિકાસ માટે કોઈ મહત્વના કામો થયા નથી ત્યારે કદમાં ઘટાડો કરવો જોઈએ તેવી માંગ પણ કેટલાક લોકો કરી રહ્યા છે.

બીજી તરફ સફાઈની એક માત્ર સેવા છે તેમાં પણ સુયોગ્ય સંકલનનો અભાવ દેખાય છે જે નગરને વધુ ગંદકી સભર બનાવે છે. રાજ્ય સરકાર પણ બિનકરપાત્ર આવક વધારવા પર સતત ભાર મુકે છે છતાં આ અંદાજપત્રમાં બિનકરપાત્ર આવક વધારવા પર કોઈ ભાર મુકવામાં આવ્યો નથી એટલે બજેટનું કદ ઘટવુ જોઈએ તેવી લાગણી પણ લોકો વ્યક્ત કરી રહ્યા છે.

ચાર વર્ષે આકારણી નવેસરથી કરવી જોઈએ પરંતુ તંત્ર કેમ કોઈ કામગીરી કરતાં ખચકાય છે તેની સમજણ અધિકારીઓના નગરમાં જ અધિકારીઓને પડતી નથી. શહેરમાં એક દસકાથી પણ વધુ સમયથી પ્લોટોની હરાજી થઈ નથી એટલે નવા બાંધકામ થતા નથી એટલુ જ નહિ ફેરફારોની માપણી તો કરવી જ જોઈએ. દરેક મહાનગરપાલિકા દ્વારા રિસર્વે થાય છે અને આકારણી થાય છે તો આપણે કેમ અને ક્યાં અટવાયા છીએ ? તેવો પ્રશ્ન સૌ પુછી રહ્યા છે.

રોડ એન્જીનીયરીંગમાં ફેરફાર કરવાના સંકેતો પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આપી ચુક્યા છે પરંતુ માર્ગ સલામતિ માટેના કોઈ પગલાં બજેટમાં સૂચવાયા નથી એટલુ જ નહિ સરકારી મેળાવડાઓ

● અનુસંધાન પાન-૭ પર

# તલાટીઓ ફરજના મુખ્ય મથકે જ હાજર રહે : ડીડીઓ

**અન્ય સેજાનો ચાર્જ હોય તો કઈ પંચાયતમાં ક્યારે અને કયા દિવસે મળશે તે બોર્ડ વાંચી શકાય તે રીતે મુકવા કડક સૂચના આયોજનના કામો ધીમી ગતિએ ચાલતા હોવા સામે નારાજગી**

ગાંધીનગર, તા. ૫

જિલ્લાના તમામ તલાટીઓ તેમની ફરજના મુખ્યમથકે હાજર રહે અને જો બે સેજાનો ચાર્જ હોય તો કયા સેજા પર કયા દિવસે કેટલા વાગે મળશે તેની વિગતો દર્શાવતા બોર્ડ પંચાયતની કચેરીએ લગાવવામાં આવે તે માટે તાલુકા વિકાસ અધિકારીઓને કડક સૂચનાઓ આપવામાં આવી છે.

ફરજનું મુખ્યમથક છોડી જવાનુ હોય તેવા કિસ્સામાં પૂર્વ મંજૂરી પણ લેવી ફરજીયાત કરવામાં આવ્યુ છે. ગઈ કાલે જિલ્લાના તાલુકા વિકાસ અધિકારીઓ સાથેની માસિક સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ આ કડક તાકીદ કરી છે.

તેમણે આ સમીક્ષા બેઠકમાં તાલુકા વિકાસ અધિકારીઓને પણ વારંવાર બેઠકમાં ગયાનું તેમની કચેરીમાંથી જણાવાય છે. તો કોઈપણ બેઠકમાં જતાં પહેલા જિલ્લા વિકાસ અધિકારીનું ધ્યાન દોરવુ એટલુ જ નહિ તેમણે પણ તાલુકાનું મુખ્યમથક છોડતાં પહેલાં જિલ્લા વિકાસ અધિકારી કચેરીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા આયોજન મંડળમાંથી મળતી

● અનુસંધાન પાન-૭ પર

# જીવનોપયોગી લેખોના સંગ્રહે પુસ્તક પરબમાં આકર્ષણ જમાવ્યુ



ગાંધીનગર, તા. ૫

માતૃભાષા અભિયાન તથા આત્મન ફાઉન્ડેશન પ્રેરિત પુસ્તક પરબમાં આજે એક મહિલા વાંચક દ્વારા તૈયાર કરાયેલ જીવનોપયોગી લેખોના સંગ્રહે ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. આજની પુસ્તક પરબમાં આ ઉપરાંત ૨૦૦થી વધુ પુસ્તકોનું તથા ૬૦૦થી વધુ સામાયિકોનું વિતરણ થવા પામ્યું હતું. આ સાથે ૫૦૦થી વધુ પુસ્તકો પુસ્તક પરબની પ્રવૃત્તિને ભેટ મળ્યા હતા.

આજની પુસ્તક પરબમાં મુખ્ય માહિતી કમિશનર પદે નિમણૂંક પામેલા આઈએએસ અધિકારી વી.એસ. ગઢવી તથા માતૃભાષા અભિયાનના ડૉ. પી.જી. પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. બંને મહાનુભાવોએ પુસ્તક પરબની પ્રવૃત્તિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવીહતી. આજની પુસ્તક પરબમાં એક મહિલા વાંચક મૃદુલાબેન હરવિંદભાઈ વસાવડા દ્વારા જીવનોપયોગી અખબારી લેખોના ૩૦ જેટલા સંગ્રહોએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. 'ભાથુ' શિર્ષક હેઠળ તૈયાર કરાયેલા આ લેખ સંગ્રહોના ૨૨ જેટલા ગ્રંથનો ઉપાડ થવા પામ્યો હતો. દર વખતની જેમ આ વખતે પણ શહેરના વાંચન પ્રેમીઓએ પુસ્તક પરબ પર ભીડ જમાવી વાંચન યોગ્ય સામગ્રી મેળવી હતી.

# અમદાવાદ બોડકદેવ વિસ્તારમાં ઓડિટોરીયમને ખુલ્લુ મુકાયું

**૧૦૫૦ બેઠકોની ક્ષમતા ધરાવતું હાઈટેક ઓડીટોરીયમ**

અમદાવાદ, તા.૫

શહેરના નવા પશ્ચિમઝોનમાં આવેલા બોડકદેવ વોર્ડમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂપિયા ૩૭ કરોડના ખર્ચથી તૈયાર કરવામાં આવેલા હાઈટેક ઓડીટોરીયમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.શહેરના બોડકદેવ વિસ્તારમાં નવા બનાવવામાં આવેલા હાઈટેક ઓડીટોરીયમ ૧૦૫૦ લોકોને બેસાડી શકાય એ ક્ષમતા ધરાવે છે. આ અગાઉ શહેરના પશ્ચિમઝોનમાં પાલડી વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરશન દ્વારા ટાગોર હોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

# કોંગ્રેસનો નિમ્ન સ્તરનો વિરોધ લજવે છે : પંડ્યા

અમદાવાદ, તા.૫

સુરત ખાતે રેલ્વેમંત્રી સુરેશ પ્રભુ સાથેના કોંગ્રેસના અશોભનીય અને અસંસ્કારી વર્તનને વખોડતા ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, સુરેશ પ્રભુ સુરતમાં વિવિધ શિલાન્યાસનાં પ્રસંગમાં ગુજરાતને કંઈક આપવા માટે આવેલા હતા. તેમણે રેલ્વે તંત્રમાં સ્વચ્છતા, સુવિધા અને સુરક્ષામાં અનેક સુધારા વધારા કરીને યાત્રિરકોને જનતાને સારી સગવડતાની અનુભૂતિ કરાવી છે. માત્ર ટ્વીટરનાં માધ્યમથી લોકોની સમસ્યાને ત્વરીત ઉકેલ માટેની પહેલથી દેશની જનતા ખુશ છે. ઈ-ટીકીટ બુકીંગથી માંડીને ૫૦૦ રેલ્વે સ્ટેશન પર એસ્કેવેટરની જાહેરાત સાથે સમગ્ર રેલ્વે સ્ટેશન પર એસ્કેવેટરની જાહેરાત સાથે સમગ્ર રેલ્વેતંત્રને આધુનિકતા તરફ લઈ જઈને સતત પ્રમાણિકતા પ્રયાસને દેશની જનતા પણ પ્રશંસા કરી રહી છે. પંડ્યાએ જણાવ્યું હતું કે, નમ્ર વિવેકી, તજજ્ઞ સુરેશપ્રભુ સાથે કોંગ્રેસનું ગેરવર્તન એ કોંગ્રેસની નબળી માનસિકતાનું પ્રદર્શન છે.

# પરીક્ષા આયોજન એજન્સીમાં વર્ષે ૫૦ કરોડનો ભ્રષ્ટાચાર છે

**વ્યાપમ કૌભાંડથી પણ મોટુ ભ્રષ્ટાચાર થયું : વિવિધ પરીક્ષાઓમાં નાણાંકીય ગેરરીતિઓ, નિમણૂંકમાં ગોઠવણો સહિતના મુદ્દે વિજિલન્સ તપાસની કોંગીની માંગ**

અમદાવાદ, તા.૫

ગુજરાત પંચાયત પસંદગી મંડળ અને ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ દ્વારા લેવામાં આવતી વિવિધ ભરતી પ્રક્રિયા પરીક્ષાના આયોજનની એજન્સીમાં દર વર્ષે ૫૦ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર અધ્યક્ષ અને તેમના સભ્યો દ્વારા આચરવામાં આવે છે. સાથોસાથ ગુજરાત પંચાયત પસંદગી મંડળ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ બંને દ્વારા ભરતી પ્રક્રિયામાં પેપર ફુટવા, ગેરરિતી, આચરવી અને નિમણૂકોમાં ગોઠવણો કરવી સામાન્ય બાબત બની ગઈ છે. ત્યારે મધ્યપ્રદેશના શિવરાજ સરકારના વ્યાપમ્ કૌભાંડથી પણ ચઢીયાતુ વ્યાપક કૌભાંડ ગુજરાતની ભાજપ સરકાર કરી રહ્યા હોવાનો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત પંચાયત પસંદગી મંડળ દ્વારા જુનિયર ક્લાર્ક, તલાટી, જુનિયર ક્લાર્ક, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર સહિતની જગ્યાઓની ભરતી માટે પરીક્ષા યોજવામાં આવે છે. જેમા ંદર વર્ષે આશરે ૨૦ લાખ જેટલા શિક્ષિત યુવાનો વિવિધ જગ્યાઓ માટે અરજી કરતા હોય છે. તેમની પાસેથી પરીક્ષા ફી પેટે અંદાજિત ૨૦ કરોડ જેટલી માતબર રકમ વસુલાય છે. જ્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ વર્ગ ૩ અને વર્ગ ૪ તથા ફીક્સ પગારની વિવિધ જગ્યાઓ માટેની ભરતી પરીક્ષા યોજે છે, જેમાં અંદાજિત ૪૦ લાખ જેટલા શિક્ષિત યુવાનો અરજી કરતા હોય છે અને તેમની પાસેથી પરીક્ષા ફી પેટે આશરે ૪૦ કરોડ જેટલી રકમ વસુલે છે. ગુજરાત પંચાયત પસંદગી મંડળ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ભરતી પ્રક્રિયા માટે જે એજન્સીઓને કામ સોંપે છે તેમાં પ્રશ્નપત્રના પ્રિન્ટિંગ પેટે ૪૧, જ્યારે પ્રોસેસીંગ અને ડેટા વર્કના ૯૭ એટલે કે એક ઉમેદવાર દીઠ ૧૩૮.૫૦ જેટલી રકમ ચુકવે છે.

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી

**ગિરીશભાઈ મગનલાલ ગણાત્રા**

(નિવૃત્ત અધિકારી,અન્ન અને નાગરિક પુરવઠા નિગમ)

નું દુઃખદ અવસાન તા.૦૪-૦૨-૧૭ના રોજ થયેલ છે.

સદ્દગતનું બેસણું તા.૦૬-૦૨-૧૭ને સોમવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર

હીના ઠાકોર બુધ્ધદેવ
ક્રિષ્ના શૈલેષ સવાણી
રીના જિજ્ઞેશ પંડ્યા

કુંતલ રુજુલ શાહ
ચૌલા સિધ્ધેશ નારકર
રંજનબેન ગિરીશભાઈ ગણાત્રા (પત્ની)

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર ફોન : ૭૫૬૭૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

મંડપ કેટરીંગ લાઈટીંગ ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૨૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૭૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૦૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com